# 4 અવયવીકરણ-1 (Factorization-1)

❖ યાદ કરીએ :

- 10ના બધા અવયવો આપો :

  1, 2, 5 અને 10

- વિદ્યાર્થીમિત્રો, હવે ઉપર મુજબ 12ના બધા અવયવો આપો.

  ______, ______, ______, ______, ______, ______

- 10ના અવયવો પાડો.

  10 = 2 × 5

  વિદ્યાર્થીમિત્રો, હવે તમે 18ના અન્ય રીતે અવયવો પાડી બતાવો.

  18 = ____________________

- 28ના અવયવો પાડો.

  28 = 2 × [14]

  ∴ 28 = 2 × 2 × [ ]

- 48ના અવયવો પાડો.

  48 = 2 × [24]

  = 2 × [ ] × 12

  = 2 × [ ] × [ ] × 6

  48 = 2 × [ ] × [ ] × [ ] × 3

આપણે અજ્ઞાત સંખ્યા વિશે જાણીએ છીએ, તો તેના આધારે પદાવલિઓના અવયવોની સમજ મેળવીશું.

**એકપદીના અવયવો પાડવા :**

જેમ $10 = 2 \times 5$

તેવી જ રીતે $2x = 2 \times x$

$6x = 2 \times 3 \times x$

$10x^2 = 2 \times 5 \times x \times x$

આમ, એકપદીના અવયવો પાડવા માટે આપેલી એકપદીના સહગુણકના અવિભાજ્ય અવયવો અને અજ્ઞાત સંખ્યાને તેના ઘાતને આધારે ગુણાકાર સ્વરૂપે લખવી.

**ઉદાહરણ 1 :** નીચે આપેલી એકપદીના અવયવો પાડો :

(1) $15x^2y^2 = 3 \times 5 \times x \times x \times y \times y$

(2) $12xy^4 = 2 \times 2 \times 3 \times x \times y \times y \times y \times y$




**1. ખાલી જગ્યા પૂરો :**

(1) $2x^2y^2 = ____ \times x \times x \times ____ \times y$

(2) $10a^2b = 2 \times ____ \times a \times ____ \times b$

(3) $6xy = ____ \times 3 \times x \times ____$

(4) $15mn^2 = 3 \times ____ \times m \times ____ \times n$

**2. નીચેની એકપદીના અવયવો પાડો :**

(1) 25 (2) $6x^2y$ (3) $20x^2y^4$

(4) $24x^3y^2$ (5) $26xy$ (6) $18a^3b$

**❖ દ્વિપદીના અવયવો પાડવા :**

અજ્ઞાત સંખ્યાઓ માટે વિભાજનનો ગુણધર્મ આપણે જાણીએ છીએ.

$a \times (b + c) = (a \times b) + (a \times c)$ (વિભાજનનો ગુણધર્મ)

$a (b + c) = ab + ac$

આમ $ab + ac$ના અવયવો મેળવવા માટે બંને પદને a વડે ભાગતાં $(b + 1)$ મળે છે. આમ, $a$ અને $(b + c)$ તેના અવયવો થશે.

$ab + ac = \underline{a} \times b + \underline{a} \times c$

$= a (b + c)$ ($a$ સામાન્ય લેતાં)

**ઉદાહરણ 2 :** $4x + 6$ના અવયવો પાડો

$= \underline{\mathbf{2} \times 2 \times x} + \underline{\mathbf{2} \times 3}$

$= 2\ (2x + 3)$ (2 સામાન્ય લેતાં)

**ઉદાહરણ 3 :** $6a^2b - 3ab^2$ ના અવયવો પાડો.

$= \underline{2 \times \mathbf{3} \times \boldsymbol{a} \times a \times \boldsymbol{b}} - \underline{\mathbf{3} \times \boldsymbol{a} \times \boldsymbol{b} \times b}$

$= 3ab(2a - b)$ ($3ab$ સામાન્ય લેતાં)



## મહાવરો 2

**1. ખાલી જગ્યા પૂરો :**

(1) $x^2 - x = x$ (______)

(2) $8x^3 + 4x^2 =$ (______) $(2x + 1)$

(3) $3a^2 - 6 = 3$ (______)

(4) $xy - xz = x$ (______)

**2. નીચેની દ્વિપદીના અવયવો પાડો :**

(1) $10x + 5$ (2) $5x^2 + 15$ (3) $7a - 7b$ (4) $-3x + 6$

(5) $6x^3y^2 - 3x$ (6) $9xy^2 - 18x^2$ (7) $8 - 4xy$ (8) $9x - 27xyz$

(9) $12a^2b - 18ab^2$

**❖ બહુપદીના અવયવ પાડો :**

$ax + ay + bx + by$ના અવયવ પાડો.

$= (ax + ay) + (bx + by)$ **અથવા** $= (ax + bx) + (ay + by)$

$= a(x + y) + b\ (x + y)$ $= x(a + b) + y(a + b)$

$= (x + y)\ (a + b)$ $= (x + y)\ (a + b)$

**ઉદાહરણ 4 :** $4ab + 6ac + 2bx + 3cx$ ના અવયવો પાડો.

$= (4ab + 6ac) + (2bx + 3cx)$

$= 2a\,(2b + 3c) + x(2b + 3c)$

$= (2b + 3c)\,(2a + x)$

આ રીતે ઉદાહરણ (4)માં અન્ય જૂથો બનાવી દાખલો ફરી ગણો.

**ઉદાહરણ 5 :** $8ax + 3by - 12bx - 2ay$ના અવયવ પાડો.

$= 8ax - 2ay - 12bx + 3by$ (પદોની ગોઠવણી કરતાં)

$= 2a(4x - y) - 3b(4x - y)$

$= (4x - y)(2a - 3b)$

ઉદાહરણ 5માં અન્ય જૂથો બનાવી દાખલો ફરી ગણો.




**નીચેની બહુપદીઓના અવયવો પાડો :**

(1) $xy + 2x + 4y + 8$

(2) $xy - 4x + 3y - 12$

(3) $x^2y + 5x^2 + y + 5$

(4) $6x^2 + 4xy - 3x - 2y$

(5) $15x - 4a + 6 - 10ax$

(6) $10m^2n + 9 + 6m + 15mn$

**પૂર્ણવર્ગ ત્રિપદી (Perfect Square trinomial)ના અવયવો :**

વિદ્યાર્થીમિત્રો, આપણે નીચેનાં વિસ્તરણ ચકાસીએ :

$(x + 2y)^2 = x^2 + 4xy + 4y^2$ ...(I)

$(2x + 3)^2 = 4x^2 + 12x + 9$ ...(III)

$(3x - 5y)^2 = 9x^2 - 30xy + 25y^2$ ...(III)

ઉપરના (I)માં $x^2 + 4xy + 4y^2$ એ પૂર્ણવર્ગ બહુપદી છે. જેનું પ્રથમ પદ (First Term) $x^2$ અને અંતિમ પદ (Last Term) $4y^2$ એ પૂર્ણવર્ગ પદ છે. વળી તે પદો ધન છે.

તેવી જ રીતે (II)માં $4x^2 + 12x + 9$ એ પૂર્ણવર્ગ બહુપદી છે તથા (III) માં $9x^2 - 30xy + 25y^2$ એ પૂર્ણવર્ગ બહુપદી છે. તેનાં પ્રથમ પદ અને અંતિમ પદ કેવાં છે? જાતે ચકાસો.

**આમ, ત્રણેય વિસ્તરણ પરથી નક્કી કરી શકાય કે પૂર્ણવર્ગ ત્રિપદીમાં પ્રથમ પદ અને અંતિમ પદ પૂર્ણવર્ગ અને સરવાળાના ચિહ્નથી જોડાયેલા હોય છે.**

(I)ની પૂર્ણવર્ગ બહુપદીમાં મધ્યમ પદ (Middle Term) $4xy$ એ $x$ અને $2y$ના ગુણાકારનાં બે ગણાં છે.

(II)ની પૂર્ણવર્ગ બહુપદીમાં મધ્યમ પદ $12x$ એ $2x$ અને 3 નાં ગુણાકારનાં બે ગણાં છે.

(III)ની પૂર્ણવર્ગ બહુપદીમાં મધ્યમ પદ $30xy$ એ $3x$ અને $5y$નાં ગુણાકારનાં બે ગણાં છે.

અહીં (I)માં $x$ એ $x^2$ નું વર્ગમૂળ તથા $2y$ એ $4y^2$ નું વર્ગમૂળ છે. તથા મધ્યમ પદ $x$ અને $2y$ ના ગુણાકારથી બમણું છે.

$$\therefore \text{ મધ્યમ પદ} = \pm 2 \times \sqrt{\text{પ્રથમ પદ}} \times \sqrt{\text{અંતિમ પદ}}$$

હવે, $(\text{મધ્યમ પદ})^2 = 4 \times \text{પ્રથમ પદ} \times \text{અંતિમ પદ}$

$$\therefore \text{ પ્રથમ પદ} = \frac{(\text{મધ્યમ પદ})^2}{4 \times \text{અંતિમ પદ}} \text{ અને અંતિમ પદ} = \frac{(\text{મધ્યમ પદ})^2}{4 \times \text{પ્રથમ પદ}}$$

**ઉદાહરણ 6 :** નીચે આપેલી ત્રિપદી પૂર્ણવર્ગ છે કે નહિ તે નક્કી કરો :

(1) $6x^2 - 12x + 4$

પ્રથમપદ $= 6x^2$

અહીં પ્રથમપદ $6x^2$ માં 6 એ પૂર્ણવર્ગ સંખ્યા નથી, તેથી આપેલ ત્રિપદી એ પૂર્ણવર્ગ નથી.

(2) $x^2 - 12x - 36$

આપેલ ત્રિપદીનું અંતિમ પદ બાદબાકીથી જોડાયેલું હોવાથી ત્રિપદી પૂર્ણવર્ગ નથી.

(3) $x^2 + 12x - 36$

આપેલ ત્રિપદીનું અંતિમ પદ બાદબાકીથી જોડાયેલું હોવાથી ત્રિપદી પૂર્ણવર્ગ નથી.

(4) $x^2 + 6x + 10$

આપેલ ત્રિપદીનું અંતિમ પદ પૂર્ણવર્ગ નથી, તેથી ત્રિપદી પૂર્ણવર્ગ નથી.

(5) $16x^2 + 12x + 1$

પ્રથમ પદ $= 16x^2 = (4x)^2$
અંતિમ પદ $= 1 = (1)^2$
} પ્રથમ અને અંતિમ બંને પદો પૂર્ણવર્ગ છે અને સરવાળાના ચિહ્નથી જોડાયેલા છે.

મધ્યમ પદ $= \pm\ 2\sqrt{\text{પ્રથમ પદ}} \times \sqrt{\text{અંતિમ પદ}}$

$= \pm\ 2\sqrt{16x^2} \times \sqrt{1}$

$= \pm\ 2 \times 4x \times 1$

$= \pm\ 8x$ અહીં મધ્યમ પદ $\pm\ 8x$ હોવું જોઈએ.

આપેલ ત્રિપદીનું મધ્યમ પદ $+\ 12x$ હોવાથી ત્રિપદી પૂર્ણવર્ગ નથી.

**ઉદાહરણ 7 :** નીચેની બહુપદી પૂર્ણવર્ગ બને તે માટે પ્રથમ પદ અથવા અંતિમ પદ શોધો.

(1) $x^4 + 6x^2 +$ ______

$$\text{અંતિમ પદ} = \frac{(\text{મ.પદ})^2}{4 \times \text{પ્ર.પદ}} = \frac{(6x^2)^2}{4 \times x^4} = \frac{6x^2 \times 6x^2}{4 \times x^4} = 9$$

(2) ______ $+ 10x + 25$

$$\text{પ્રથમ પદ} = \frac{(\text{મ.પદ})^2}{4 \times (\text{અં.પદ})} = \frac{(10x)^2}{4 \times 25} = \frac{10x \times 10x}{4 \times 25} = x^2$$

**ઉદાહરણ 8 :** અવયવો પાડો :

(1) $x^2 + 14x + 49$

$= (x)^2 + 2(x)(7) + (7)^2$ [ $a^2 \pm 2ab + b^2$ પ્રમાણે ગોઠવતાં ]

$= (x + 7)^2$

(2) $25m^2 - 20mn + 4n^2$

$= (5m)^2 - 2(5m)(2n) + (2n)^2$ ($a^2 \pm 2ab + b^2$ પ્રમાણે ગોઠવતાં)

$= (5m - 2n)^2$

(3) $4ax^2 + 12ax + 9a$

$= a(4x^2 + 12x + 9)$ ($a$ સામાન્ય કાઢતાં)

$= a[(2x)^2 + 2(2x)(3) + (3)^2]$

$= a(2x + 3)^2$



## મહાવરો 4

**1. નીચે આપેલ દરેક બહુપદી પૂર્ણવર્ગ છે કે નહીં તે નક્કી કરો :**

(1) $x^2 + 2x + 4$ (2) $x^2 - 14x + 49$

(3) $a^2 + 10a + 25$ (4) $9x^2y^2 + 24xy + 8$

(5) $25x^2 - 35x + 49$ (6) $4x^2 + 4x + 1$

(7) $x^2 + 2 + \frac{1}{x^2}$ (8) $x^2 - 8x + 16$

**2. નીચેની બહુપદી પૂર્ણવર્ગ ત્રિપદી બને તે માટે ખૂટતું પદ શોધો :**

(1) $9a^2 +$ _______ $+ 16$

(2) _______ $- 12x + 9$

(3) $9x^2 + 30xy +$ _______

(4) _______ $+ 4xy + 4$

(5) $81x^2 +$ _______ $+ 4$

(6) $4a^2 +$ _______ $+ \frac{1}{4a^2}$

**3. અવયવો પાડો :**

(1) $x^2 + 12x + 36$ (2) $4x^2 + 12xy + 9y^2$

(3) $9x^2 + 48x + 64$ (4) $x^2 - 8x + 16$

(5) $25x^2y^2 - 20xy + 4$ (6) $16x^2 + 40x + 25$

(7) $81 - 90xy + 25x^2y^2$ (8) $3x^3 - 30x^2 + 75x$

❖ **છ પદના અવયવો : $a^2 + b^2 + c^2 + 2ab + 2bc + 2ca$**

(i) $(a + b + c)^2 = a^2 + b^2 + c^2 + 2ab + 2bc + 2ca$

ત્રિપદીના વર્ગના વિસ્તરણને ઊલટાવતાં

$a^2 + b^2 + c^2 + 2ab + 2bc + 2ca = (a + b + c)^2$

અહીં છ પદોમાં સરવાળાથી જોડાયેલાં પ્રથમ ત્રણ પદો પૂર્ણવર્ગ છે.

ચોથું પદ એ પહેલા અને બીજા પદના વર્ગમૂળનો ગુણાકાર × 2

પાંચમું પદ એ બીજા અને ત્રીજા પદના વર્ગમૂળનો ગુણાકાર × 2 અને

છઠ્ઠું પદ એ ત્રીજા અને પહેલા પદના વર્ગમૂળનો ગુણાકાર × 2 છે.

(ii) $(a - b - c)^2 = a^2 + b^2 + c^2 - 2ab + 2bc - 2ca$

ત્રિપદીના વર્ગના વિસ્તરણને ઊલટાવતાં,

$a^2 + b^2 + c^2 - 2ab + 2bc - 2ca = (a - b - c)^2$

અહીં (i) અને (ii) નાં છ પદોમાં બધાં જ પદો ધન અથવા અંતિમ ત્રણ પદોમાંથી બે અને માત્ર બે જ પદો ઋણ હોય.

**ઉદાહરણ 9 :** અવયવ પાડો :

(1) $4x^2 + 9y^2 + 25z^2 + 12xy + 30yz + 20zx$

$= (2x)^2 + (3y)^2 + (5z)^2 + 2(2x)(3y) + 2(3y)(5z) + 2(5z)(2x)$

$= (2x + 3y + 5z)^2$

(2) $16a^2 + 4b^2 + 36c^2 - 16ab + 24bc - 48ca$

$= (-4a)^2 + (2b)^2 + (6c)^2 + 2(-4a)(2b) + 2(2b)(6c) + 2(6c)(-4a)$

$= (-4a + 2b + 6c)^2$ અથવા $(4a - 2b - 6c)^2$

**નોંધ :** ઉપરના ઉદાહરણ (ii)માં છ પદોમાં જે બે પદમાં ઋણ નિશાની હોય તેમાં જે ચલ સામાન્ય હોય, તે ચલની ઋણ નિશાની મૂકવી.



## મહાવરો 5

❖ **અવયવો પાડો :**

(1) $9x^2 + 4y^2 + 1 + 12xy + 4y + 6x$

(2) $16a^2 + 9b^2 + c^2 - 24ab + 6bc - 8ca$

(3) $a^4 + 4b^2 + 9 + 4a^2b - 12b - 6a^2$

(4) $9x^2 + 16y^2 + 25 + 24xy - 40y - 30x$

(5) $a^2 + 4b^2 + c^2 - 4ab - 4bc + 2ca$




**1. નીચેનું પ્રત્યેક વિધાન સાચું બને તે રીતે ખાલી જગ્યા પૂરો :**

(1) $15x^3y = 3 \times$ ______ $\times$ ______ $\times x \times x \times y$

(2) $5x^4 - x^3 = x^3$ (______)

(3) $-5a^2 + 10a =$ ______ $(a - 2)$

(4) $ab + a - 2b - 2 = (a - 2)$ (______)

(5) $16a^2 +$ ______ $+ 1 = (4a + 1)^2$

(6) ______ $+ 10x + 25 = (x + 5)^2$

(7) $4y^2 -$ ______ $+ 9 = (2y - 3)^2$

(8) $16x^2 - 72x + 81$ એ ______ નો વર્ગ છે.

(9) $a^2 -$ ______ $+ 0.04 = (a - 0.2)^2$

(10) $9x^2 + 1$માં ______ ઉમેરતાં પૂર્ણવર્ગ ત્રિપદી બને.

**2. અવયવો પાડો :**

(1) $4ab + 8a - b - 2$

(2) $x^2y - 3x^2 + y - 3$

(3) $2x^2 - 5a - 5x + 2ax$

(4) $3ab + 12 - 4a - 9b$

(5) $x^2 + 49 + 14x$

(6) $16a^2 + 40ab + 25b^2$

(7) $m^4 - 16m^2 + 64$

(8) $4y^3 - 28y^2 + 49y$

(9) $25x^2 + 4y^2 + 9z^2 + 20xy + 12yz + 30zx$

(10) $4m^2 + 9n^2 + p^2 - 12mn + 6np - 4pm$

•

## જવાબો

### મહાવરો 1

**1.** (1) 2, $y$ (2) 5, $a$ (3) 2, $y$ (4) 5, $n$

**2.** (1) $5 \times 5$ (2) $2 \times 3 \times x \times x \times y$

(3) $2 \times 2 \times 5 \times x \times x \times y \times y \times y \times y$

(4) $2 \times 2 \times 2 \times 3 \times x \times x \times x \times y \times y$

(5) $2 \times 13 \times x \times y$ (6) $2 \times 3 \times 3 \times a \times a \times a \times b$

### મહાવરો 2

**1.** (1) $(x - 1)$ (2) $4x^2$ (3) $(a^2 - 2)$ (4) $y - z$

**2.** (1) $5(2x + 1)$ (2) $5(x^2 + 3)$ (3) $7(a - b)$ (4) $-3(x - 2)$ અથવા $3(2 - x)$

(5) $3x(2x^2y^2 - 1)$ (6) $9x(y^2 - 2x)$ (7) $4(2 - xy)$ (8) $9x(1 - 3yz)$

(9) $6ab(2a - 3b)$

### મહાવરો 3

**1.** (1) $(x + 4)(y + 2)$ (2) $(x + 3)(y - 4)$ (3) $(x^2 + 1)(y + 5)$

(4) $(2x - 1)(3x + 2y)$ (5) $(5x + 2)(3 - 2a)$ (6) $(5mn + 3)(2m + 3)$

### મહાવરો 4

**1.** (1) પૂર્ણવર્ગ નથી. (2) પૂર્ણવર્ગ છે. (3) પૂર્ણવર્ગ છે. (4) પૂર્ણવર્ગ નથી.

(5) પૂર્ણવર્ગ નથી. (6) પૂર્ણવર્ગ છે. (7) પૂર્ણવર્ગ છે. (8) પૂર્ણવર્ગ છે.

**2.** (1) 24a (2) $4x^2$ (3) $25y^2$ (4) $x^2y^2$ (5) $36x$ (6) 2

**3.** (1) $(x + 6)^2$ (2) $(2x + 3y)^2$ (3) $(3x + 8)^2$ (4) $(x - 4)^2$

(5) $(5xy - 2)^2$ (6) $(4x + 5)^2$ (7) $(9 - 5xy)^2$ (8) $3x(x - 5)^2$

## મહાવરો 5

**1.** (1) $(3x + 2y + 1)^2$ (2) $(4a - 3b - c)^2$ (3) $(a^2 + 2b - 3)^2$
(4) $(3x + 4y - 5)^2$ (5) $(a - 2b + c)^2$

## સ્વાધ્યાય

**1.** (1) $5, x$ (2) $5x - 1$ (3) $-5a$ (4) $b + 1$ (5) $8a$
(6) $x^2$ (7) $12y$ (8) $4x - 9$ (9) $0.4a$ (10) $\pm 6x$

**2.** (1) $(b + 2)(4a - 1)$ (2) $(x^2 + 1)(y - 3)$ (3) $(2x - 5)(x + a)$
(4) $(a - 3)(3b - 4)$ (5) $(x + 7)^2$ (6) $(4a + 5b)^2$ (7) $(m^2 - 8)^2$
(8) $y(2y - 7)^2$ (9) $(5x + 2y + 3z)^2$ (10) $(2m - 3n - p)^2$

**જાણવા જેવું :**

### Pascal's Triangle

| | | સહગુણક |
|---|---|---|
| $(x + y)^0$ | $1$ | 1 |
| $(x + y)^1$ | $x + y$ | 1 1 |
| $(x + y)^2$ | $x^2 + 2xy + y^2$ | 1 2 1 |
| $(x + y)^3$ | $x^3 + 3x^2y + 3xy^2 + y^3$ | 1 3 3 1 |
| $(x + y)^4$ | $x^4 + 4x^3y + 6x^2y^2 + 4xy^3 + y^4$ | 1 4 6 4 1 |
| $(x + y)^5$ | $x^5 + 5x^4y + 10x^3y^2 + 10x^2y^3 + 5xy^4 + y^5$ | 1 5 10 10 5 1 |

**સમજૂતી :** દા.ત., $(x + y)^3 = x^3 + 3x^2y + 3xy^2 + y^3$ લખવા માટે 1, 3, 3, 1 એ સહગુણક છે. જ્યારે $x$ ની ઘાત ઉતરતા ક્રમમાં લખેલ છે. જ્યારે $y$ ની ઘાત ચઢતા ક્રમમાં લખેલી છે.